# Gujarati P

About Myself
Gujarati Haiku
My Hindi poems
Poetry Glossary
Essay on Poetry
My English Poe..
Gujarati Poems ..
Gujarati Poems ..
Gujarati Poems ..
Gujarati Poems ..
Gujarati Muktak..
Gujarati Muktak..
Gujarati Muktak..

==================

## શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ

==================

બેફિકર

---

જેણે પહેરી લીધું માથે કફન,
એને શું સિંહાસન કે શું દફન?
[૨૦-૭-૨૦૦૧]

---

નમનનો મહિમા

---

મન શીખ તું નમન,
જોઈ એ જો અમન;
કર આ વાતે મનન;
મન શીખ તું નમન.
[ઓગષ્ટ,૨૦૦૧]

---

છેલ્લો ઉપાય

---

જોગી બાવા,જોષી ભૂવા,
સાધુ સંતો,જતિ મહંતો,
પંડિત ઓલિયા,સૈયદ પીરો,
આજ તમારી જરૂર પડી છે.

ઘી લોબાન હોમો અગ્નિમાં;
ધૂપ બાળો,જવ-તલ હોમો;
ટીપણાં ખોલો, જોષ વાંચો;
આજ તમારી જરૂર પડી છે.

શોધી કાઢો 'શાંતિ અમારી,
ગાયબ છે અમારા ઘરથી;'
પોલીસ લશ્કર શોધી થાક્યં'
આજ તમારી જરૂર પડી છે.
[ડિસેમ્બર,૧.૨૦૦૧]

---

બદલો

---

તમે મને ગાળ આપી;
મેં તમને ગોળ આપ્યો;
ઓ મા થઈ ગઈ ભૂલ;
મતિ થઈ ગઈ શું ગુલ?
[જાન્યુઆરી ૮,૨૦૦૨]

---

પાઘડી

જેણે બાંધી છે માથે પાઘડી,
પ્યારી ઈજ્જત એને હરઘડી.
ઊતરે ના શિરથી એ કો' ઘડી;
જીવ જાયે આ ઘડી,અબઘડી.
[૨૦-૭-૨૦૦૧]

જૂનો સંબંધ

હવે તો દર્દની આદત થઈ ગઈ છે;
કહો કે દર્દથી ચાહત થઈ ગઈ છે;
ઉઠ્યું ના શૂળ શિરમાં જો ક્યારેક;
તો બહુ કફોડી હાલત થઈ ગઈ છે.

[જાન્યુઆરી ૧૭,૨૦૦૨]

.
.
.
.

બધું બધાં માટે

કૈંક પેદા થયું ખાણમાં;
કૈંક પેદા થયું ખીણમાં;
બધું થયું છે બધાં માટે;
મિલ્કત માની વેચ મા.
[જાન્યુઆરી ૧૭,૨૦૦૨]

તમે-અમે

તમે સ્વર બનીને ગજવ
ને અમે પ્રગટશું થઈને સ
અમે ખીલશું બાગ ગુલા
ને તમે બનજો બાવળ શૂ
[જૂન ૬,૨૦૦૨]

પૈસો કંઈ નથી

પૈસો વસ્તુને ખરીદી શકે;
જો વસ્તુ વેચાતી હોય તો;
ને હું કંઈ કોઈ વસ્તુ નથી;
મને ખરીદી શકે ના કોઈ.
[૨૦-૭-૨૦૦૧]

આદત

આંસુ સાથે તો સંબંધ અમારો જનમ જનમનો;
જનમ સાથે અમે રડતાં રડતાં જગમાં આવ્યા;
હવે કદી સુખ અચાનક મળી જાયે ક્યારેક તો,
ટેવ મુજબ આ આંસુ પૂર બનીને ધસી આવ્યાં.
[જાન્યુઆરી ૧૭,૨૦૦૨]

વિકાસ..........
ઈશ્વર-કૃપા
બિંદુ બની
નભથી ઝરે
ધરતી ઉરે;
ઝરણું બની
નદીમાં ફરી
સાગર બને;
ઈશ્વર-કૃપા
જન્મી શિશુતને
કૃપાળુ ઈશુ બને.
[૨૦-૭-૨૦૦૧]

---

મૃગજળ ક્યારે કહે છે:
હું જળ છું;છળ નથી?
એ ભૂલી ગયાં આપણે,
આ રણ છે,ઝરણ નથી.
[જાન્યુઆરી ૧૭,૨૦૦૨]

---

ગઝલી દુહાઓ....
સ્ટેજ પર જેમાં હતો,ભર્યો ભર્યો ઉલ્લાસ;
રસ્તામાં આજે મળ્યો,જાણે જીવતી લાશ.

મર મર તું ના કહે,કૈંક શુભ શુભ બોલ;
બટક છે હાડનો માળો,તડાક તોડે ખોલ.

ખુલાસો.......... જીવનભર સળગ્યાં,માન અને અરમાન;
આગ હવે શું બાળશે?બહુ બહુ તો વાન.

બત્રીસ ભોજન મનને,તન તો ઉપવાસી;
શીતળ જળની માછલી,છે મીનપિયાસી.

તન સાપની કાંચળી;જરુર ઉતારી દઈએ;
ભૂખ જેટલું ખાઈને,ખુશીથી ઉઠી જઈએ.

પ્રવીણ, અહીં અટક હવે,આગળ ના લખ;
ડર છે કે અટકી જશે,આગળ ઊગતા નખ.
[ફેબ્રુઆરી ૨,૨૦૦૨]

---

**If you want to comment and observe on tne above writings,I invite you to em me at the following id:**

**pravinkshah@indiatimes.com**

**Shah Pravinchandra Kasturchand**